# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૦/ક્વા-૨/૧૯-૨૦/૭૬૩૮-૫** **તા.૧૯-૧૧-૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૦/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: ડાભી રૂડા શામજી ગામ: કલ્યાણપુર

રજૂઆત કરનાર: **અરજદાર ડાભી રૂડા શામજી હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **દ્વારકા**

રજૂઆત કરનાર: **શ્રી એન.એચ.વિસાણા** નાયબ ઈજનેર **(ટેક)** વિભાગીય કચેરી – **દ્વારકા**
**અને કે.એ.ઓઝા.** નાયબ ઈજનેર **કલ્યાણપુર** પેટા વિભાગીય કચેરી

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: વિભાગીય કચેરી પીજીવીસીએલ, જામખંભાલીયા

તારીખ: ૦૯-૧૦-૨૦૧૯(બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯-૧૦-૨૦૧૯( બુધવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમા ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલા હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ડાભી રૂડા શામજી ગામ -કલ્યાણપુર, તેઓની અરજીના નોંધણી નં: ૫૦/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓ કલ્યાણપુર તાલુકાના ગઢકા ગામે સર્વે નંબર: ૨૬૭ માં ખેતીની જમીન ધરાવે છે. સદર જમીનમાં વીજ પોલ તથા વીજ વાયર પસાર થાય છે. સદર વીજ પોલ નમી ગયેલ હોય તથા વીજ વાયર નીચે હોવાથી તા.૧૬–૦૫–૧૯ ના રોજ લેખીત ફરીયાદ કરેલ છે. સદર વીજલાઈનમાં અનેક ફોલ્ટ થયેલ છે, અગાઉ વર્ષ–૨૦૧૬,૧૭,૧૮ મા ચોમાસાની સીઝનમાં ઉભા પાકમાં ફોલ્ટ રીપેર કરવા – ખેતરમાં ઉભા પાકમાં કામગીરી કરેલ છે. આમ, તેઓને પાકમાં નુકશાની જતી હોય – તેમજ વીજ વાયર નીચે હોવાથી ખેતી કામ કરવામા દ્વિધા બને છે. જેથી, અરજદારે સદર વીજલાઈન અન્ય જગ્યાએ ખસેડવાનો વિકલ્પ છે, જેથી – સદર નડતરરૂપ વીજલાઈન – નડતરરૂપ ન થાય તે રીતે કામગીરી કરવા – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.** તેમજ સમયમર્યાદા માં કામગીરી કરેલ ન હોય – તેમજ માનસીક અને આર્થિક નુકશાન બદલ – નિયમાધીન વળતર આપવા – અરજદારે વિનંતી કરેલ છે, તેમજ સદર બાબતે – અગાઉ ફોરમ સમક્ષ ફરીયાદ કરેલ છે, જેના ( હુકમ ) નંબર સીજીઆરએફ / ૩૦ / કવા–૦૨ / ૧૮–૧૯ તા.૩૧–૦૮–૧૮ થી સદર વીજલાઈન બાબતે યોગ્ય કરવા જણાવેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે શ્રી ડાભી રૂડા શામજી દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. ગઢકા ખાતે વીજ લાઈન મેન્ટેનન્સ કરી આપવા બાબત માટે રજૂઆત કરેલ છે. સદર બાબતના અનુસંધાને પેટા વિભાગીય કચેરી કલ્યાણપુર દ્વારા જરૂરી સર્વેની કામગીરી પૂર્ણ કરેલ. પરંતુ અરજદારને ત્યાં ચાર થી પાંચ વખત કોન્ટ્રાકટરના માણસોને વીજ લાઈન મરામતની કામગીરી કરવા માટે મોકલવામાં આવેલ પરંતુ અરજદાર દ્વારા સદર ખેતરમાંથી વીજલાઈન અન્યત્ર ખસેડવાનું કહેતા સદર બાબતે વીજલાઈન ફેરવવા માટે અંદાજપત્ર ભરપાઈ કરવાનું થતું હોય જે અરજદાર દ્વારા ભરપાઈ કર્યા વિના જ વિજલાઈન ખસેડવાનું કહેતા તથા વીજ લાઈનનું મરામતનું કામ પણ અરજદાર દ્વારા કરવા દેવામાં આવેલ નહિ. જેથી પેટા વિભાગીય કચેરી દ્વારા કોઈ પણ જાતની કામગીરી થઇ શકેલ ન હતી. આ સંદર્ભે અરજદારને પત્ર નં- કેએસડી/ટેક/૨૦૧૯/૯૭૫૫ તા.૦૪.૧૦.૧૯ થી જાણ કરેલ છે.

૩.૧ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ની ફરીયાદ અન્વયે – જરૂરી નડતરરૂપ વીજપોલ ખસેડવાની કામગીરી સંતોષકારક કરી અપાયેલ હોય, અરજદારે સમાધાનપત્ર તા.૧૫–૧૦–૧૯ મા સહી કરી આપેલ છે. જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ડાભી રૂડા શામજી ગામ -કલ્યાણપુર, તેઓની અરજીના નોંધણી નં: ૫૦/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ કલ્યાણપુર તાલુકાના ગઢકા ગામે સર્વે નંબર: ૨૬૭ માં ખેતીની જમીન ધરાવે છ. સદર જમીનમાં વીજ પોલ તથા વીજ વાયર પસાર થાય છે.સદર વીજલાઈનમાં અનેક ફોલ્ટ થયેલ છે, જેથી તેઓને પાકમાં નુકશાની જતી હોય – તેમજ વીજ વાયર નીચે હોવાથી ખેતી કામ કરવામા દ્વિધા બને છે. જેથી, અરજદારે સદર વીજલાઈન અન્ય જગ્યાએ ખસેડવાનો વિકલ્પ છે, જેથી – સદર નડતરરૂપ વીજલાઈન – નડતરરૂપ ન થાય તે રીતે કામગીરી કરવા તા.૧૬–૦૫–૧૯ ના રોજ લેખીત ફરીયાદ કરેલ છે. સદર ફરિયાદનું નિરાકરણ માટે અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ પેરા નં. ૪.૧ મુજબ સામાવાળા દ્વારા અરજદારને કેએસડી/ટેક/૨૦૧૯/૯૭૫૫ તા.૦૪.૧૦.૨૦૧૯ થી પત્ર દ્વારા જાણ કરેલ છે તે મુજબ વીજ લાઈન મેન્ટેનન્સ સર્વેની મુજબ અરજદારને ત્યાં ચાર થી પાંચ વખત કોન્ટ્રાકટરના માણસોને સર્વે મુજબની કામગીરી કરવા માટે મોકલવામાં આવેલ પરંતુ અરજદાર દ્વારા સદર ખેતરમાંથી વીજલાઈન અન્યત્ર નડતરરૂપ કે અકસ્માત ન થાય તે મુજબની માંગણી કરતા સદર વીજ લાઈન સમારકામની કામગીરી માટે જરૂરી ભાવપત્રકની રકમ ભરપાઈ કરવા અરજદાર તૈયાર ન હોવાથી – સદર કામગીરી બાકી રહેલ હતી. પરંતુ, સદર અરજદાર ના ખેતરની બાજુમાં આવેલ ગોવિંદભાઈ લાલાભાઈ ડાભીના વીજજોડાણની કામગીરી એચ.વી.ડી.એસ. મુજબ કરેલ હોવાથી – ફરીયાદી અરજદાર ના ખેતરમાં રહેલ વીજલાઈન નિષ્ક્રીય થતા ડિસમેન્ટલની કામગીરી હાથ ધરેલ છે, જે અન્વયે અરજદાર ની ફરીયાદ નુ સંતોષકારક નિરાકરણ થતા – અરજદારે સમાધાનપત્ર તા.૧૫–૧૦–૧૯ મા સહી કરી આપેલ છે.

૪.૩ ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ નથી.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| ( કે. જે. મોટાણી) | ( જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |